તા. ૨૪.૦૨.૨૦૨૫
દિવ્ય ભાસ્કર અમદાવાદ ન્યૂઝ પેજ.૦૨

ટ્રેનની ફ્રિકવન્સી વધારવાની મંજૂરી સેફ્ટી કમિશનરે આપી દીધી

# APMCથી ગિફ્ટ સિટી, સેક્ટર-1 સુધી જવા મોટેરાથી મેટ્રો બદલવી નહીં પડે

## GNLU સ્ટેશન - ગિફ્ટ સિટી વચ્ચે દર અડધા કલાકે બસ મળશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ડાયરેક્ટ કનેક્ટિવિટી આપવાની સાથે મેટ્રો ટ્રેનની ફ્રિકવન્સી વધારવાની મંજૂરી સેફ્ટી કમિશનરે આપી છે. જેથી હવે એપીએમસીથી ગિફ્ટ સિટી, સેક્ટર-1 સુધી જવા પેસેન્જરે મોટેરાથી મેટ્રો બદલવી નહીં પડે. આ સાથે જીએનએલયુ સ્ટેશન અને ગિફ્ટ સિટી વચ્ચે દર અડધા કલાકે બસ મળશે. જે પીડીપીયુ થઈને દોડશે શનિવારથી આ નિર્ણયનો અમલ થશે. એપીએમસીથી સેક્ટર-1 અને ગિફ્ટ સિટી સુધી નવા સમયપત્રક મુજબ ટ્રેન સેવાઓ પ્રાયોગિક ધોરણે ઉપલબ્ધ રહેશે.

### મહાત્મા મંદિર-ગાંધીનગર સ્ટેશન ફૂટ ઓવરબ્રિજથી જોડાશે

જીએમઆરસી દ્વારા ફૂટ ઓવર બ્રિજની મદદથી મેટ્રો સ્ટેશન અને ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનને જોડાશે. તેની સાથે જ મહાત્મા મંદિર કન્વેન્શન હોલમાં જવા માટે લોકો રોડ પર આવ્યા વગર સીધા કન્વેન્શન હોલમાં જઈ શકે તે માટે ત્યાં પણ બ્રિજ દ્વારા સીધી કનેક્ટિવિટી આપવામાં આવશે. હાલ ફૂટ ઓવર બ્રિજની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

દિવાળી પહેલા સચિવાલય અને ગાંધીનગર સેક્ટર 10 સુધી મેટ્રોનું સંચાલન શરૂ કરાય તેવી શક્યતા છે. મહાત્મા મંદિર સુધી આગામી માર્ચ 2026 સુધીમાં કામગીરી પૂર્ણ થવાની શક્યતા છે. ગાંધીનગરમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરતા જાણવા મળ્યું હતું કે, સેક્ટર 1 બાદ સચિવાલય સુધી મેટ્રો શરૂ કરાય તેવી શહેરીજનો અને કર્મચારીઓની માંગણી હતી. હાલમાં સ્ટેશન તેમજ વાયડકટનું કામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે અને હાલ ટ્રેક નાખવાની સાથે ઈલેક્ટ્રિફિકેશન સહિતની કામગીરી ચાલી રહી છે.